# **શ્રી વી.આર.પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા**
# **બી.કોમ.સેમ.– ૧ પ્રવેશ અંગેની અગત્યની સૂચના**

(૧) બી.કોમ સેમ–૧ ના પ્રવેશ ફોર્મ બારી નં. - ૧ પરથી મેળવી કોલેજની વેબસાઈટ **www.vrpccm.org** ઓનલાઈન ભરી **તા.૦૧/૦૬/૨૦૨૩ થી ૦૯/૦૬/૨૦૨૩** સુધીમાં બારી નં.૨ ઉપર જમા કરાવવાનું રહેશે. **ફોર્મ માં વિદ્યાર્થીએ** ફરજીયાત **પોતાનું જ Email ID લખવાનું રહેશે તથા ફોર્મમાં પોતાનો જ મોબાઈલ નંબર લખવાનો રહેશે.**

(૨) **એસ.સી. / એસ.ટી./ બક્ષીપંચ/ ફીજીકલ હેન્ડીકેપ ની અનામત કેટેગરીનો લાભ મેળવવા માગતા વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર અવશ્ય બીડવું.** તેમજ વર્ષ **૨૦૨૨–૨૩** ના વર્ષની વાર્ષિક આવકનો દાખલો બિડવાનો રહેશે. તે સિવાય અનામત કેટેગરીનો લાભ મળશે નહી.

(૩) પ્રવેશ ફોર્મ સાથે એલ.સી.ની નકલ, **ધો–૧૨ પાસ કર્યાની તમામ ટ્રાયલની માર્કશીટ નકલ,** અનામત કેટેગરીના વિદ્યાર્થીઓએ જાતિનું પ્રમાણપત્ર, આધારકાર્ડની નકલ તથા વાર્ષિક આવકનો દાખલો બીડવાનો રહેશે.

(૪) ધોરણ–૧૨ ગુજરાત હાયર સેકન્ડરી એજયુકેશન બોર્ડ (GHSEB) સિવાય અન્ય બોર્ડમાંથી પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ હેમ. **ઉત્તર ગુજરાત**

**યુનિવર્સિટીનું પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ મેળવી ફોર્મ સાથે બિડવાનું રહેશે.** તે સિવાય ફોર્મ સ્વીકારાશે નહિં.

(૫) બી.કોમ સેમ–૧ માં પ્રવેશ માટે વિદ્યાર્થીએ **ધો–૧૨ માં મેળવેલ ગુણમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ પરીક્ષાના ગુણ લખવા નહિં.**

(૬) બી.કોમ સેમ–૧ ની **પ્રથમ મેરિટ યાદી તા.૧૨/૦૬/૨૦૨૩ ના રોજ નોટિસ બોર્ડ પર મૂકવામાં આવશે. પ્રથમ પ્રવેશ યાદી વાળા વિદ્યાર્થીઓએ તા.૧૨/૦૬/૨૦૨૩ થી ૧૫/૦૬/૨૦૨૩ સુધીમાં ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે.** ત્યાર બાદ તેમનો પ્રવેશ હકક રહેશે નહિં. **પ્રથમ પ્રવેશ યાદી પછી વખતોવખત બીજી પ્રવેશ યાદીઓ કોલેજના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવશે.** જે વિદ્યાર્થીએ જોઈ લેવાની રહેશે.

(૭) વિદ્યાર્થીઓએ **અંગ્રેજી મીડીયમ અને ગુજરાતી મીડીયમના ફોર્મ અલગ** ભરવાના રહેશે.

(૮) ધોરણ–૧૨માં અંગ્રે વિષયમાં **૪૦ ગુણથી** વધારે હશે તેને જ ઈંગ્લીશ મીડીયમમાં પ્રવેશ ફોર્મ ઓન લાઈન ભરી શકાશે.

(૯) ધોરણ–૧૨ માં અંગ્રે વિષયમાં **૪૦ ગુણ** કરતાં ઓછા હોય તો તેવા વિદ્યાર્થીઓએ અંગ્રે મીડીયમ સેલ્ફ ફાઈનાન્સ વર્ગમાં પ્રવેશ મળશે.

(૧૦) બી મેરીટ યાદી તા.૧૬/૦૬/૨૦૨૩ ના રોજ મૂકવામાં આવશે.

Principal

## બી.કોમ. સેમ–૧ પ્રવેશ ફોર્મ અંગેની સૂચના

- કોલેજની વેબસાઈટ www.vrpccm.org પર ઓનલાઈન એડમિસન ફોર્મ ભરી પ્રિન્ટ કાઢી લેવી. ફોર્મ માં વિદ્યાર્થીએ ફર યાત પોતાનું જ ઈમેઈલ આઈડી લખવાનું રહેશે તથા ફોર્મમાં પોતાનોજ મોબાઈલ નંબર લખવાનો રહેશે. (ફોર્મ ભરવા અંગેની વિગતવાર માહિતી બુકલેટમાં આપેલ છે.)
- પ્રિન્ટ કરેલ ફોર્મ નીચે દર્શાવેલ પ્રમાણપત્રો /આધારો પૈકી લાગુ પડતા પ્રમાણપત્રો ફોર્મ સાથે જોડી તા. ૦૯/૦૬/૨૦૨૩ સુધીમાં નીચે મુજબના ક્રમમાં પ્રમાણપત્રો/આધારો સાથે ફોર્મ કોલેજના સમય દરમ્યાન કોલેજ કાર્યાલયમાં જમા કરાવવાનું રહેશે.

1. ધોરણ - ૧૨ પાસ કરેલ તમામ પ્રયત્નોની માર્કશીટના એક સેટ જોડવો.
2. ધોરણ - ૧૨ પાસ ના ટ્રાયલ સર્ટિફિકેટની નકલ.
3. ધોરણ - ૧૨ માર્ચ-૨૦૨૩ પહેલા પાસ કરેલ હોય તો ધોરણ - ૧૨ પાસ કર્યા બાદ કરેલ અભ્યાસની વિગતનું રૂ.૨૦ ના સ્ટેમ્પ પર સોગંધનામું ઓરિજનલ તથા તેની એક નકલ.
4. એલ.સી. ની નકલ
5. જાતિનું પ્રમાણપત્ર (એસ.સી./એસ.ટી/બક્ષીપંચ તથા ૧૦% આર્થિક અનામત વાળા વિદ્યાર્થીઓ)

6. જો લઘુમતી જ્ઞાતિવાળા વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીનો ૩૧ માર્ચ-૨૦૨૧ નો આવકનો દાખલો.

7. આધારકાર્ડ ની નકલ

8. ધોરણ - ૧૨ એચ.એસ.સી બોર્ડ સિવાય બીજા બોર્ડ માંથી પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટિ માંથી પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. (ઓરિજિનલ)

- કોલેજમાં જમા ન કરાવેલ ફોર્મ આપો આપ રદ ગણાશે.
- ફોર્મ જમા કરાવ્યા બાદ વિદ્યાર્થી Online કોઈ સુધારા કરી શકશે નહીં.
- Online ભરેલ ફોર્મ ની પ્રવેશ યાદી બહાર પડયા બાદ પ્રવેશ પાત્ર વિદ્યાર્થીઓએ કોલેજ દ્વારા જણાવેલ તારીખ સુધીમાં પુરી ફી ભરી પાકો પ્રવેશ મેળવવાનો રહેશે. ફક્ત online ફોર્મ ભરવાથી પ્રવેશ મળી ગયો એમ માનવું નહીં
- પ્રવેશ યાદી તથા ફી ભરવા અંગેની વિગતવાર સૂચનાઓ કોલેજના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવશે જેની વિદ્યાર્થીએ સમયસર નોંધ લેવી તથા સૂચના મુજબ કાર્યવાહી કરવી. તેમ કરવામાં ચૂક થશે તો પ્રવેશ હક્ક રહેશે નહીં.
- ફોર્મમાં ભરેલ માહિતીની કોઈ પણ વિગત ખોટી જણાશે તો વિદ્યાર્થીનું ફોર્મ કે મેળવેલ પ્રવેશ પણ રદ થશે.

<u>શ્રી વી.આર.પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા</u>

(૧) જે વિદ્યાર્થીએ ધો–૧૨ પરીક્ષા ૬૫% કે તેથી વધુ માર્કસથી પાસ કરેલ છે. તેમને અંગ્રેજી મીડીયમમાં સીધો પ્રવેશ આપવામાં આવે છે. તો આવા વિદ્યાર્થીઓએ ફોર્મ સાથે ફી ભરી સીધો પ્રવેશ મેળવી લેવો. તેમનું નામ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહિં.

(૨) સીધો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પાકો પ્રવેશ મળી જતો હોઈ તેમનો મેરીટ યાદીમાં નામ આવશે નહિં. જેની વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

(3) ગુજરાતી માદયમમાં ફોર્મ તથા ફી સાથે જમા કરાવવાના રહેશે ગુજરાતી માદયમમાં સીધો પ્રવેશ આપવામાં આવશે.

## <u>બી.કોમ. સેમ–૧ ઓન લાઈન ફોર્મ ભરવા અંગેની વ્યવસ્થા</u>

(૧) બી.કોમ. સેમ–૧ ના ઓન લાઈન ફોર્મ ભરવાની વ્યવસ્થા કોમર્સ કોલેજની **લાયબ્રેરી** (લાયબ્રેરી બિલ્ડીંગ વચ્ચેના માળે) તથા **કોમ્પ્યુટર લેબ** બીજા માળે રાખવામાં આવેલ છે.

# શ્રી વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સલ મહેસાણા

## શૈક્ષણિક વર્ષ : 2022 - 2023: પ્રથમ સત્ર :
## બી. કોમ સેમ. ફી ની વિગત

| | Statistic, S.P., ABM વિષય રાખનાર માટે | કોમ્પ્યુટર વિષય રાખનાર માટે | સેલ્ફ ફાયનાન્સ ની ફી |
|---|---|---|---|
| ભાઈઓ | 2610 | 3290 | 7525 |
| બહેનો | 2010 | 2690 | 7525 |